ગાંધીનગર
# વેસ્ટર્ન ટાઇમ્સ
WESTERN TIMES

સ્થાપક તંત્રી : સ્વ. રામુ પટેલ
તંત્રી : નિકુંજ પટેલ

RNI Reg. No. GujGuj/1997/252
Reg. No. G-GNR-319
Valid upto 31-12-2020
Posting at RMS Ahmedabad

VOL : 23 * NO. 191 ગુરૂવાર તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ ★ 12/9/2019 Gandhinagar ★ સંવત- ૨૦૭૫, ભાદરવા સુદ-૧૪

Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Publications Pvt. Ltd. Printed at Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj-Thol Road, Shilaj, Ahmedabad and Published at Gandhinagar Western Times, Akhbar Bhavan, Plot No. 233, Sector-11, Gandhinagar-382011. (Gujarat). Editor : Nikunj R. Patel ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧ ફેક્સ : ૦૭૯-૨૬૪૦૨૮૮૨

## આતંકવાદની જડ પડોશી દેશમાં જ ફેલાઈ રહી છે : મોદી

### ઓમ અને ગાયના બહાને વિપક્ષ પર આકરા પ્રહારો : ઓમ શબ્દ સાંભળતા જ કેટલાક લોકોના કાન ઉભા થઈ જાય છે : ૧૩૫૦૦ કરોડની યોજના શરૂ

**(સંપૂર્ણ સમાચાર સેવા)મથુરા,** ભગવાન કૃષ્ણની નગરી મથુરા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, ૯/૧૧ હુમલાની યાદ આજે પણ હચમચાવી મુકે છે. આ હુમલાની યાદને તાજી કરતા મોદીએ કહ્યું હતું કે, આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા છે. આજે આતંકવાદ એક વિચારધારા બની ગઈ છે. આતંકવાદની જડો અમારા પડોસમાં એટલે કે પાકિસ્તાનમાં ફેલાઈ રહી છે. અમે આનો જોરદાર રીતે સામનો કરી રહ્યા છે. આગળ પણ કરતા રહીશું. મોદીએ ચેતવણી આપતા કહ્યું હતું કે, આતંકવાદની સામે કાર્યવાહી કરવાથી ભારત ખચકાટ અનુભવ કરશે નહીં.

આતંકવાદીઓને આસરો અને ટ્રેનિંગ આપનારની સામે કાર્યવાહી કરવા માટે ભારત સંપૂર્ણ પણે સક્ષમ છે અને આ બાબતની સાબીતિ પણ આપી ચુક્યા છે. મોદીએ આજે દુધ આપતા પશુઓને ગંભીર બિમારીથી મુક્ત કરાવવા માટે ૧૩૫૦૦ કરોડની ટિકાકરણ યોજનાની શરૂઆત કરાવી હતી. આ વર્ષે ૨ ઓક્ટોબર સુધીમાં ઘર, ઓફિસ સિંગલ યુઝ પ્લાસ્ટિકમાંથી મુક્ત થાય તે જરૂરી છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક એટલે કે એવું પ્લાસ્ટિક જે એક વાર વાપરીને ફેંકવામાં આવે છે. મોદીએ મથુરામાં કચરો વીણનારી મહિલાઓ સાથે પણ મુલાકાત કરી હતી. વડાપ્રધાને મથુરા માટે ૧,૦૦૦ કરોડથી વધુની યોજનાઓનો શિલાન્યાસ કર્યો છે.

મોદીએ વેટરનરી વિશ્વવિદ્યાલયમાં પશુ આરોગ્ય મેળાનું ઉદ્ઘાટન કર્યું. વડાપ્રધાને મેળામાં ખેડૂતો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે એ જાણવાની કોશિશ કરી કે સરકારની યોજનાઓનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે કે નહિ. પીએમએ પ્રદર્શનનું પણ અવલોકન કર્યું. તેમાં ઘણી ટેકનિકોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યું કે ચૂંટણીના પરિણામો બાદ કાન્હાની નગરીમાં પ્રથમ વાર આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ વખતે સમગ્ર ઉતર પ્રદેશના આર્શીવાદ મને અને મારા સાથીઓને પ્રાપ્ત થયા છે.

દેશહિતના તમારા આ નિર્ણય માટે હું વ્રજભૂમિમાંથી તમારી સામે મસ્તક નમાવું છું. ભારતની પાસે શ્રીકૃષ્ણ એવો પ્રેરણા સ્ત્રોત રહ્યા છે, જેની કલ્પના પર્યાવરણ પ્રેમ વગર અધુરી છે. કાલિંદી જેને યમુના કહે છે. લીલું ઘાસ ચરતી તેમની ગાય. શું તેના વગર શ્રીકૃષ્ણની તસ્વીર પુરી થઈ શકે છે. શું દૂધ, દહી, માખણ વગર ગોપલની કલ્પના કોઈ કરી શકે છે. પ્રકૃતિ, પર્યાવરણ અને પશુધન વગર જેટલા આપણા આરાધ્ય દેખાય છે એટલું જ અધુરાપણું આપણને ભારતમાં પણ દેખાશે. પ્રકૃતિ સાથે સંતુલન બનાવીને જ આપણે નવા ભારત તરફ આગળ વધશે.

મોદીએ કહ્યું કે આજે સ્વચ્છતા જ સેવા અભિયાનની શરૂઆત કરવામાં આવી. નેશનલ અનિમલ ડિસિસ પ્રોગ્રામને પણ શરૂ કરવામાં આવ્યો. પશુઓના સ્વાસ્થ્ય સંવર્ધન અને પોષણ સાથે જોડાયેલી યોજનાઓની પણ શરૂઆત કરવામાં આવી છે. મથુરાના પર્યટન સાથે જોડાયેલી પણ ઘણી યોજનાઓની શરૂઆત કરવામાં આવી છે. થોડા દિવસો બાદ આપણે બાપુની ૧૫૦મી જયંતીની ઉજવણી કરીશું. મહાત્મા ગાંધીએ સ્વચ્છતાને મહત્વ આપ્યું હતું. આપણે તેમાંથી શીખવું જોઈએ. એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે. સ્વચ્છતા જ સેવા પાછળ પણ આ જ ભાવના જોડાયેલી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મથુરામાં કચરો વીણનારી મહિલાઓ સાથે મુલાકાત કરી હતી.

## અંકુશ રેખા ઉપર સાત લોંચ પેડ તૈયાર

### અફઘાનિસ્તાન અને પશ્તુન મુળના યુવાનોને કાશ્મીરમાં અશાંતિ ફેલાવવા માટે મોકલવા ખતરનાક તૈયારી

**(સંપૂર્ણ સમાચાર સેવા) શ્રીનગર,** કાશ્મીરના મોરચા પર ચારેબાજુથી પછડાટ ખાધા બાદ પાકિસ્તાન હજુ પણ ઉશ્કેરણીજનક હરકત કરવામાં વ્યસ્ત છે. પ્રાપ્ત માહિતી મુજબ હવે પાકિસ્તાને અંકુશ રેખા પર ફરી એકવાર સાત લોંચ પેડ સક્રિય કરી દીધા છે. આ લોંચ પેડ ખાતે ૨૭૫થી વધારે જેહાદીઓની ટ્રેનિંગ ચાલી રહી છે. વર્ષ ૧૯૯૦માં પણ પાકિસ્તાન વિદેશી ત્રાસવાદીઓને જમ્મુ કાશ્મીરમાં મોકલી દેવા માટેની હરકત કરી ચુક્યુ છે. પાકિસ્તાનને જુદા જુદા મોરચા પર પીછેહટનો સામનો કરવાની ફરજ પડી રહી છે. એલઓસી પર પાકિસ્તાન ફરી એકવાર જોરદાર રીતે સક્રિય છે. ત્રાસવાદીઓને ખતરનાક ટ્રેનિંગ આપવામાં આવી રહી છે.

એલઓસી નજીક પાકિસ્તાનના ત્રાસવાદી કેમ્પ ફરી સક્રિય થઈ ગયા છે. આની સાથે સાથે સાત લોંચ પેડ પણ બનાવવામાં આવી ચુક્યા છે. ૨૭૫ ત્રાસવાદી એક્ટિવ થયા છે.

જમ્મુ કાશ્મીરમાં અશાંતિ ફેલાવવા માટે અફઘાનિસ્તાની અને પશ્તુન યુવાનોને ખતરનાક ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. પાકિસ્તાન આ પગલા એવા સમય પર લઈ રહ્યુ છે જ્યારે કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરી દેવામાં આવી છે. પાકિસ્તાન દ્વારા આ પગલા એવા સમય પર લેવામાં આવી રહ્યા છે જ્યારે આગામી મહિનામાં વૈશ્વિક ત્રાસવાદને પ્રોત્સાહન આપનાર ગતિવિધી પર નજર રાખનાર સંસ્થા ફાયનાન્સિયલ ટાસ્ક ફોર્સની બેઠક મળી રહી છે.

કાશ્મીરમાં ત્રાસવાદી મોકલવા માટેના કામ પાકિસ્તાને વિતેલા વર્ષોમાં પણ કયા છે. તે વિતેલા વર્ષોમાં પણ સક્રિય રહ્યુ છે.

ઈન્ટેલિજન્સ સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનના જવાનોને તૈનાત કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૧૯૯૦ના દશકમાં પાકિસ્તાને ભારતમાં રક્તપાત સર્જવા માટે મોટી સંખ્યામાં ત્રાસવાદીઓને ઘુસાડી દીધા હતા. ૯૦ના દશકમાં પાકિસ્તાને પ્રોક્સી વોર હેઠળ કેટલીક ચાલ રમી હતી. પાકિસ્તાન હવે સામાન્ય રીતે પંજાબ અને પોકમાં જનજાતિય સમનુદાયને જ કાશ્મીરમાં હિંસા ફેલાવવા માટે મોકલવાની રણનિતી ધરાવે છે. ઈન્ટેલિજન્સની પાસે પાકિસ્તાનની હરકતની તમામ માહિતી રહેલી છે. પુરાવા પણ છે કે પાકિસ્તાની સેના અને આઈએસઆઈ સાથે મળીને ભારત સામે કાવતરા ઘડે છે. અંકુશ રેખા પર મોટી સંખ્યામાં ત્રાસવાદીઓને તૈયાર કરવાની બાબત ભારતીય સુરક્ષા દળો સામે મોટા પડકાર તરીકે છે. ભારત પાકિસ્તાનના દરેક ઈરાદાને નિષ્ફળ કરવા માટે તૈયાર છે.

## તોયબાનો કમાન્ડર આસિફ ઠાર




**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,** જમ્મુ કાશ્મીરમાં સક્રિય રહેલા ત્રાસવાદીઓનો ખાતમો જારી રહ્યો છે. હવે વધુ એક ખતરનાક ત્રાસવાદીને ઠાર કરી દેવામાં આવ્યો છે. હવે રાજ્યના સોપોરેમાં સુરક્ષા દળોએ લશ્કરે તોયબાના ટોપ કમાન્ડરને ઠાર કરી દીધો છે. સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી હતી. પોલીસના સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે તોયબાના ઠાર કરવામાં આવેલા ત્રાસવાદી પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો છે. ઠાર કરવામાં આવેલો આ આસિફ નામનો ત્રાસવાદી અનેક પ્રકારની ત્રાસવાદી ગતિવિધીમાં સીધી રીતે સામેલ હતો. તેની ગતિવિધી પર હાલમાં નજર રાખવામાં આવી રહી હતી. માર્યા ગયેલા ત્રાસવાદી પર સફરજનના વેપારીઓને ધાક ધમકી આપવા અને તેમના પર હુમલામાં સંડોવણી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. બે દિવસ પહેલા જ ધાક ધમકી વેપારીઓને મળી હતી. ત્યારબાદ તપાસ ચાલી રહી હતી.

## આંધ્રપ્રદેશ : ચન્દ્રાબાબુ નજર કેદમાં

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમરાવતી,** આંધ્રપ્રદેશમાં વર્તમાન વાયએસઆરસીપી સરકાર અને પૂર્વ મુખ્યપ્રધાન ચન્દ્રબાબુ નાયડુની પાર્ટી વચ્ચે ખેંચતાણ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. પૂર્વ મુખ્યપ્રધાન નાયડુ પાર્ટી કાર્યકરો અને નેતાઓની સાથે ગન્ટુર જિલ્લામાં સરકાર વિરોધી રેલી કરનાર હતા પરંતુ તે પહેલા જ તેમને અટકાયતમાં લઈ લેવામાં આવ્યા હતા. રેલીની મંજુરી ન મળતા તેઓએ ભુખ હડતાળ કરવાનો નિર્ણય કર્યો હતો.

ત્યારબાદ તેમને અને તેમના પુત્ર નર લોકેશને તેમના ઘરમાં જ નજર કેદમાં પકડી લેવામાં આવ્યા છે. રાજ્યમાં બંને પાર્ટી વચ્ચે ખેંચતાણ સતત વધી રહી છે. ટીડીપી દ્વારા આજે બુધવારના દિવસે ગુન્ટુરના પલનાડુ ખાતે ચલો આત્મકુરુ રેલી યોજવાની તૈયારી કરી હતી. પાર્ટી દ્વારા સરકાર પર રાજકીય હિંસા ફેલાવવાનો આરોપ કરી રહી છે. જો કે આંધ્રપ્રદેશ પોલીસ દ્વારા પાર્ટીની રેલીને મંજુરી આપી ન હતી. રાજ્યમાં કલમ ૧૪૪ લાગુ કરી દીધી હતી. પોલીસે રાજ્યના અનેક ટીડીપી નેતાઓને બાનમાં પકડી લીધા હતા. રેલીની મંજુરી આપવામાં ન આવતા ટીડીપીના કાર્યકરોએ હિંસા કરવાના પ્રયાસ કર્યાહતા. નાયડુને નજર કેદમાં પકડી લેવામાં આવ્યા હતા. પોલીસે જોરદાર નારેબાજી પણ કરી હતી. પોલીસ સાથે ઝપાઝપી પણ થઈ છે. હાલમાં યોજાયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં ચન્દ્રબાબુ નાયડુની પાર્ટીને મોટો ફટકો પડ્યો હતો. કારણ કે તેમની પાર્ટીની ચૂંટણીમાં કારમી હાર થઈ હતી. ચન્દ્રબાબુ નાયડુ ચૂંટણી પહેલા મોદી વિરોધ મોરચાને મજબુત કરવામાં લાગેલા હતા. તેમની હાલત હવે ખરાબ થઈ ગઈ છે. આંધ્રપ્રદેશમાં હવે જોરદાર રાજકીય ગતિવિધી શરૂ થઈ છે.

## કલમ ૩૭૦ બાદ હવે 'પોક' સરકારના એજન્ડામાં ટોચે

### 'પોક'ને ભારતના અખંડ હિસ્સા તરીકે બનાવાશે

**(સંપૂર્ણ સમાચાર સેવા) જમ્મુ,** જમ્મુ કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ હવે કેન્દ્ર સરકારના એજન્ડામાં પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પોક) છે. કેન્દ્રિય પ્રધાન જીતેન્દ્ર સિંહે આજે કહ્યુ હતુ કે અમારા એજન્ડામાં હવે પોક ભારતના અખંડ હિસ્સા તરીકે રજૂ કરવાની બાબત છે. ઉધમપુર-કઠુઆ લોકસભા સીટથી ચૂંટાઇ આવ્યા બાદ જીતેન્દ્રસિંહે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર પર કહ્યુહતુ કે આ માત્ર તેમની પાર્ટી અથવા તો તેમની કટિબદ્ધતા નથી. બલ્કે વર્ષ ૧૯૯૪માં પીવી નરસિંહ રાવના નેતૃત્વમાં તત્કાલીન કોંગ્રેસ સરકાર દ્વારા સર્વસંમતિથી પાસ કરવામાં આવેલા સંકલ્પ તરીકે છે.

આ એક સ્વીકાર્ય વલણ તરીકે છે. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન તરફ ખોટા અને જુઠાણાના પ્રચાર કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનની કચેરીમાં રાજ્યપ્રધાન સિંહે કહ્યુ હતુ કે વિશ્વનુ વલણ ભારત તરફી રહ્યુ છે. પાકિસ્તાનના ખોટા પ્રચારની કોઈ અસર થઈ નથી. તેમણે કહ્યુ હતુ કે કેટલાક દેશો જે પહેલા ભારતના વલણની સાથે ન હતા તે પણ હવે ભારતની સાથે ઉભા છે.સિંહે કહ્યુ હતુ કે કાશ્મીરમાં સામાન્ય લોકોને મળી રહેલા લાભથી તમામ લોકો ખુશ છે. કેન્દ્રિય પ્રધાને કહ્યુ હતુ કે કાશ્મીરમાં કોઈ પણ જગ્યાએ બંધની સ્થિતી નથી અને કોઈ જગ્યાએ સંચારબંધી પણ નથી. સિંહે દેશ વિરોધી તાકાતોને ચેતવણી આપતા કહ્યુ હતુ કે તેમને ટુંક સમયમાં જ પોતાની માનસિકતાને બદલી દેવાની રહેશે. હવે દેશ વિરોધી માનસિકતા ધરાવનાર લોકો બચી શકશે નહીં. કાશ્મીરમાં કોઈ પણ પ્રકારની તંગ સ્થિતી નથી. જનજીવનને સામાન્ય કરવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે. ઈન્ટરનેટ સેવા બંધ રાખવાના મુદ્દા પર તેમને કહ્યુ હતુ કે અમે આ સેવાને ટુંકમાં ચાલુ કરીશુ.

## રેવેન્યુ માટે નહીં પરંતુ જીવન બચાવવા કડક ટ્રાફિક નિયમો : ગડકરી

**નવી દિલ્હી,** કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરીએ નવા ટ્રાફિક નિયમોને લઈને લોકોમાં ફેલાઈ રહેલી નારાજગીના સંદર્ભમાં પ્રતિક્રિયા આપી છે. ગડકરીએ કહ્યું છેકે, ટ્રાફિક નિયમોને કઠોર કરવાનો નિર્ણય લોકોની જિંદગીને બચાવવાના પ્રયાસરૂપે કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા દંડની રકમ ઓછી કરવાના નિર્ણય ઉપર તેમણે કહ્યું હતું કે, તેઓ આ વિષય ઉપર માત્ર એટલી જ વાત કરવા માંગે છે કે, દંડ મારફતે મળેલી રકમ રાજ્ય સરકારોને જ મળશે. રાજ્ય સરકારો દંડ ઘટાડવાનો નિર્ણય પોતે કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારનો ઈરાદો માર્ગોને વધુ સુરક્ષિત બનાવવાનો છે. ગડકરીને લઈને લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

ગડકરીએ એમ પણ કહ્યું છે કે, જો લોકો ટ્રાફિક નિયમોને પાળશે તો દંડની રકમ ભરવાની પણ કોઈ જરૂર રહેશે નહીં. આ ભારે ભરકમ દંડની રકમનો હેતુ જાનહાનિને ઘટાડી દેવાનો રહેલો છે. ગુજરાત સરકારે ગઈકાલે જ દંડને ૯૦ ટકા સુધી ઘટાડી દેવાની જાહેરાત કરી છે. કેટલીક અન્ય સરકારો પર ભવિષ્યમાં આ અંગેની જાહેરાત કરી શકે છે. કેન્દ્રિય મંત્રીએ આ સંદર્ભમાં કહ્યું હતું કે, ભારતમાં દર વર્ષે માર્ગ દુર્ઘટનામાં ૧ લાખ ૫૦ હજારથી વધુ લોકોના મોત થઈ જાય છે. આમાંથી ૬૫ ટકા લોકોની વય ૧૮ થી ૩૫ વર્ષની હોય છે. દર વર્ષે ૨ થી ૩ લાખ લોકો માર્ગ દુર્ઘટનાના કારણે દિવ્યાંગ બની જાય છે. અમે યુવાઓની જાનની કિંમત સમજી રહ્યા છે. આ જ કારણસર જીવનને સુરક્ષિત બનાવવાના પ્રયાસ કરી રહ્યા છે. રાજ્ય સરકારો દ્વારા દંડની રકમ માફ કરવાના નિર્ણય પર ગડકરીએ કહ્યું હતુ કે, પ્રદેશની સરકારોને આ અંગે નિર્ણય લેવાનો અધિકાર છે. રાજ્યો નિર્ણય લઈ શકે છે. આમા તેમને કોઈ વાંધો નથી. જે પણ રેવેન્યુ આવશે તે રાજ્ય સરકારો પાસે રહેશે. મંત્રી તરીકે તેઓ કહેવા માંગે છે કે, આ દંડ રેવેન્યુ માટે નહીં બલકે લોકોની જીંદગી બચાવવા માટે છે. કેન્દ્રીય મંત્રીએ એમ પણ કહ્યું હતું કે, દંડનો ઉદેશ્ય આવક વધારવા માટેનો રહેલો નથી. અમે માર્ગ દુર્ઘટનાને રોકવા માટે તથા માર્ગ સુરક્ષા ઉપર ધ્યાન આપવા માંગીએ છે.

## શિવકુમારની પુત્રીને ઈડી દ્વારા નોટીસ ફટકારાઈ

**બેંગલોર,** એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા મની લોન્ડરિંગના કેસમાં ધરપકડ કરવામાં આવેલા કોંગ્રેસના નેતા ડીકે શિવકુમારની પુત્રીને નોટીસ ફટકારવામાં આવી છે. દિલ્હીની એક કોર્ટે શિવકુમારને ૧૩મી સપ્ટેમ્બર સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ પહેલાથી જ કરવામાં આવી ચુક્યો છે. એવી ચર્ચા છે કે, ડીકે શિવકુમારે પોતાની ૨૨ વર્ષીય પુત્રી એશ્વર્યાના નામ ઉપર કરોડો રૂપિયાની સંપત્તિ ખરેદેલી છે. ૨૦૧૮માં ચૂંટણી એફિડેવિટમાં પણ શિવકુમારે પોતાના નામ ઉપર ૬૧૮ કરોડ રૂપિયાની સંપત્તિ અને પુત્રીના ઉપર ૧૦૮ કરોડ રૂપિયાની સંપત્તિ હોવાની વાત કરી હતી. ૨૦૧૩ની એફિડેવિટમાં શિવકુમારે પુત્રીના નામ ઉપર ૧.૧ કરોડ રૂપિયાની સંપત્તિ હોવાની વાત કરી હતી.

આના ઉપર પ્રશ્નો ઉભા થયા બાદ શિવકુમારે ખુલાસો કર્યો હતો કે, તેમની પુત્રી તેમના ઉપર આધારિત છે. તેઓ જનપ્રતિનિધી કાયદા હેઠળ તેમની પણ સંપત્તિ જાહેર કરી રહ્યા છે. મેનેજમેન્ટમાં ગ્રેજ્યુએટ થયેલી એશ્વર્યા પોતાના પિતા દ્વારા સ્થાપીત ગ્લોબલ એકેડેમી ઓફ ટેકનોલોજીમાં ટ્રસ્ટી તરીકે છે. શિવકુમારે એફિડેવિટમાં આ બાબતનો ઉલ્લેખ પણ કર્યો હતો કે, એશ્વર્યાએ બેંગલોરના બેલંદુર વિસ્તારમાં સોલ સ્પેસ સ્પ્રિટ મોલમાં ૭૬.૦૧ કરોડ રૂપિયામાં બિલ્ટ-અપ એરિયાની ખરીદી કરી છે. ઈડીની તપાસમાં એવી બાબત પણ સપાટી પર આવી છે કે, એશ્વર્યાને કૈફે કોફી ડે માંથી ૨૦ કરોડ રૂપિયાની લોન મળી હતી. ઈડીની અધિકારીઓ દ્વારા આ સંદર્ભમાં પૂછપરછ પણ કરવામાં આવનાર છે. ઈડીએ મંગળવારના દિવસે શિવકુમાર સાથે જોડાયેલા મની લોન્ડરિંગના એક કેસમાં તેમની પુત્રીને નોટીસ ફટકારી હતી.

## ટ્રાફિક નિયમોને લઈને કોંગ્રેસના ઉગ્ર પ્રદર્શનો

નવી દિલ્હી, ટ્રાફિક નિયમોને લઈને રાજનિતિ થવા લાગી ગઈ છે. એકબાજુ અતિ કઠોર નિર્ણયો કેન્દ્ર સરકાર તરફથી અમલી કરવામાં આવ્યા બાદ આને લઈને લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. કોંગ્રેસ પાર્ટી આ મુદ્દાને હવે રાજકીય રંગ આપીને ભાજપ સરકારને મુશ્કેલીમાં મુકવા માટે ઈચ્છુક છે. આજે દિલ્હીમાં ટ્રાફિક નિયમોને લઈને કોંગ્રેસના લોકોએ દેખાવો કર્યા હતા. દિલ્હી યુથ કોંગ્રેસના કાર્યકરોએ માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીના દિલ્હી આવાસ ઉપર જોરદાર દેખાવો કર્યા હતા. કોંગ્રેસની રજુઆત છે કે, જો ગરીબ વ્યક્તિ ૨૫ હજાર રૂપિયા દંડ રૂપે ચુકવશે તો તે પોતાના ઘરને કઈ રીતે ચલાવશે. જ્યાં સુધી નિયમોમાં ફેરફાર કરવામાં આવતા નથી ત્યાં સુધી દેખાવો જારી રાખવામાં આવશે. કોંગ્રેસ પાર્ટી ફરીએકવાર આક્રમક રૂપમાં આવી ગઈ છે.

ગણેશ ચતુર્થી નિમિત્તે
સ્પે. માવા મોદક, કેસર મોદક, મેંદા મોદક, કાજુ મોદક, મોતીચુર લાડુ, ચુરમાલાડુ, બુંદી લાડુ ૧૦૦% શુધ્ધ ઘીની મિઠાઇઓ
જયહિંદ™ સ્વીટ્સ
માણેકચોક, ફોનઃ- ૨૨૧૪૦૭૧૪
શિવાલીક પ્લાઝા, IIM રોડ, આંબાવાડી. ફોનઃ- ૨૬૩૦૯૩૯૩
સ્ટેડીયમરોડ, નવરંગપુરા, ફોનઃ- ૨૬૪૬૮૯૮૯
પ્યોર વેજીટેરીયન કેક / પેસ્ટ્રી

પરિમલ હોસ્પિટલ
પુનીતમાર્ગ, ઝઘડીયા બ્રિજની પાસે, મણીનગર, અમદાવાદ - 380008.
રાહત દરે સારણગાંઠ (Hernia) અને મસા (Piles) સર્જીકલ કેમ્પ
કેમ્પનો સમય : સવારે 10 થી બપોરે 1
હરસ, મસાનું ઓપરેશન ટાંકા વગરની (MIPH) સર્જરીથી કરવામાં આવશે
નિષ્ણાંત સર્જન દ્વારા
સારણગાંઠનું ઓપરેશન અતિઆધુનિક લેપ્રોસ્કોપીક પદ્ધતિથી કરવામાં આવશે
મેડીક્લેમ વિમા ધારકો માટે કેશલેસ સારવાર સુવિધા ઉપલબ્ધ છે.
વધુ માહિતી માટે સંપર્ક કરો : 84600 65008, 98240 19394

નવરાત્રીના ગરબા "પિયાનો" ને સંગ
PIYANO® ULTIMATE SOUND
AN ISO 9001 Certified Co. Since 1948
પાવર એમ્પ્લીફાયર, ડીજીટલ ઇકો સિસ્ટમ, માઇક્રોફોન, પ્રોફેશનલ સ્પીકર, પોર્ટેબલ
આર.જે.વકીલ ની કું.
૨૬૭/૨, દેના બેંક સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન:- ૨૨૧૧૩૮૯૪

H.K.TRAVELS
New Launched Luxury
ડેઈલી સર્વિસ
ઉપડવાનો સમય : બપોરે ૧.૩૦ વાગે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

ગુજરાત ગવર્મેન્ટ માન્ય LTC પ્રવાસો
જીરાવાલા® ટુરીઝમ
PLANNING YOUR HOLIDAYS
સિમલા-મનાલી-ડેલહાઉસી
હરિદ્વાર-આગ્રા-મથુરા
ગોવા-મહાબળેશ્વર-લોનાવાલા
મ્હેસુર-બેંગ્લોર-ઊંટી-કો. કેનાલ
સપ્તઃજ્યોર્તિલીંગ-દ. ભારત-રામેશ્વર-કન્યાકુમારી-તિરૂપતિ
નેપાળ-કાઠમંડુ-પોખરા-બનારસ
જગન્નાથપુરી-ચંપારણ્ય-કોલકત્તા-ગંગાસાગર
BY AIR / RAIL / BUS / INDIVIDUAL PACKAGE
Kerala-Darjiling-Nainital
Jirawala® TOURISM
"હાઈટેક બિલ્ડીંગ", મ્યુઝીયમની સામે, દિવાન બલ્લુભાઇ સ્કુલની બાજુમાં, પાલડી, અમદાવાદ. (M) 9375777333, 94267 55909
નીકોલ (M) 9409625111, 9408777333, ગાંધીનગર (M) 9924020660

KalaNiketan® (BOMBAYWALA)
1944 TO 2019
PLATINUM JUBILEE SALE
'K.N. House' Nobles, Opp. Nehru Bridge, Ashram Road. Ahmedabad-9, Tel.079-26580050/51

# જામખંભાળિયામાં ચાર કલાકમાં જ આઠ ઇંચ વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મોનસુન જોરદાર રીતે સક્રિય રહ્યું છે. બીજીબાજુ ગીરસોમનાથ, જુનાગઢમાં ભારે વરસાદ થયો છે. બીજીબાજુ જામખંભાળિયામાં માત્ર ચાર કલાક ગાળામાં આઠ ઈંચથી વધુ વરસાદ થતા ચારે બાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આવી જ રીતે સુત્રાપાડામાં આઠ ઈંચથી વધુ વરસાદ થયો છે. વિસાવદરમાં પણ આઠ ઈંચ જેટલો વરસાદ થયો છે.

ઉમરપાડામાં ગઈકાલે ૧૬ ઈંચ વરસાદ થયા બાદ આજે પણ અતિભારે વરસાદ જારી રહ્યો હતો અને વધુ ચાર ઈંચ વરસાદ ખાબકી ગયો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદી માહોલ રહ્યો છે.

## માંગરોળમાં કલાકોના ગાળામાં ચાર ઇંચથી વધારે વરસાદ પડતા જળબંબાકાર

જલાલપોરમાં કલાકોના ગાળામાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત ગીર સોમનાથના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. આજે સવારેથી ૮૫ તાલુકાઓમાં વરસાદ થયો છે. આજે સવારે છ કલાકના ગાળામાં માંગરોળમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. માણવદરમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. કેસોદમાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજકોટ, અમરેલી પંથકમાં પણ ધોધમાર વરસાદ પડ્યો છે. રાજ્યભરમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાકમાં ૯૫ તાલકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં ૨૦૦ મી.મી. અને જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં ૧૯૫ મી.મી. એટલે કે આઠ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજ તા.૧૧ સપ્ટેમ્બર સવારે ૬.૦૦ કલાક સુધીમાં વેરાવળ તાલુકામાં ૧૦૫ મી.મી., કોડીનારમાં ૧૦૦ મી.મી. અને જલાલપોરમાં ૯૮ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત ચોર્યાસી તાલુકામાં ૯૪ મી.મી., નવસારીમાં ૯૨ મી.મી., વાપીમાં ૯૦ મી.મી., મહુવામાં ૮૮ મી.મી.,અમદાવાદ શહેર અને ગઢડામાં ૮૫ મી.મી., દહેગામ અને ડોલવણમાં ૮૫ મી.મી., રાજુલા-માંગરોળમાં ૭૮ મી.મી., સાવરકુંડલામાં ૭૫ મી.મી. મળી કુલ ૧૧ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે કડી, ડભોઈ, બોટાદ, માલપુર, વલ્લભીપુર, ગાંધીનગર, ખંભાત, માંડવી, જાંબુઘોડા, સાણંદ, વાલોડ, માંગરોળ, જાફરાબાદ, વાગરા, કપરાડા, વંથલી, ધંધૂકા, મહુધા, પારડી, વસો, થરાદ, દસક્રોઈ, બગસરા, કામરેજ, વલસાડ, ધોલેરા, મહેમદાવાદ અને ઘોઘા મળી કુલ ૨૮ તાલુકાઓમાં બે ઈંચથી વધુ અને અન્ય ૫૦ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. આજે તા. ૧૧/૦૯/૨૦૧૯ને સવારે ૬.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધીમાં માણાવદરમાં ત્રણ ઈંચથી વધુ, કુતિયાણા, જૂનાગઢ, જૂનાગઢ શહેર, વિસાવદર, માંગરોળ, કેશોદમાં બે ઈંચથી વધુ અને તલાળા, વડીયા, ભેંસાણમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

# રાજ્યમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,

ગુજરાતમાં આગામી બે દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. જે વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે તેમાં દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદાનગર હવેલીનો સમાવેશ થાય છે. ભારે વરસાદના લીધે એકબાજુ ગુજરાતમાં હાલત કફોડી બનેલી છે. ત્યારે બીજી બાજુ હજુ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ગુજરાતમાં વરસાદી માહોલ બનેલો છે. રાજ્યમાં છેલ્લા છ વર્ષમાં સીઝનનો સૌથી વધુ ૧૧૬.૫૯ ટકા વરસાદ આ વખતના ચોમાસામાં નોંધાયો છે, ત્યારે હવામાન વિભાગે હજુ ૪૮ કલાક ગુજરાતમાં ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. જેના પગલે માછીમારોને દરિયો નહી ખેડવા સૂચના આપવામાં આવી છે. હજુ આગામી ૪૮ કલાક દરમ્યાન રાજયમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. જેથી ૧૦૦ ટકા કરતા વધુ વરસાદવાળા જિલ્લાઓમાં અતિવૃષ્ટિના એંધાણ વર્તાઈ રહ્યાં છે. ૧૦૦ ટકા કરતા વધુ વરસાદ પડેલા જિલ્લાઓમાં ભરૂચમાં ૧૫૫ ટકા, ડાંગ ૧૨૬ ટકા, વલસાડ ૧૨૫ ટકા વરસાદ નોંધાઈ ગયો છે.

# સાત વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી ટુંકમાં જ ઘોષિત

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની સાત બેઠકોની પેટાચૂંટણી આગામી એકાદ સપ્તાહમાં જાહેર થવાની શક્યતા છે. આ પેટાચૂંટણીમાં પ્રતિષ્ઠાભરી રાજકીય જીત મેળવવા માટે ભાજપ અને કોંગ્રેસે ખાસ વ્યૂહરચના તૈયાર કરી ઉમેદવારોની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. કોંગ્રેસમાં પ્રભારી રાજીવ સાતવ પ્રદેશના નેતાઓ સાથે બેઠકોનો દોર કરી રહ્યાં છે. ત્યારે ભાજપે પણ પ્રદેશના આગેવાનોની સાથે બે મંત્રીઓને પણ પેટાચૂંટણી માટેની જવાબદારી સોંપી છે.

જેમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાનો સમાવેશ થાય છે. પેટાચૂંટણીને લઈ ગઈકાલે પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ સાતેય બેઠક પર સંગઠન અને સરકારમાંથી મળી પ્રત્યેક બેઠક માટે બે-બે ઈન્ચાર્જ નીમવાની જાહેરાત કરી હતી. આ ઈન્ચાર્જ સંબંધિત મતવિસ્તારમાં પ્રદેશથી લઈ સ્થાનિક સ્તરનું એક નેટવર્ક ગોઠવશે. આ સાથે જ હવે કોંગ્રેસમાંથી રાજીનામા આપી ભાજપમાં આવેલા અલ્પેશ ઠાકોરને રાધનપુર અને ધવલસિંહ ઝાલાને બાયડ બેઠક માટે ભાજપ ટિકિટ આપશે કે કેમ તેને લઈ ચર્ચાઓ વહેતી થઈ છે.

જો કે, આ બંને બેઠકો પર ઉમેદવાર જાહેર કરતા પહેલા હાઈકમાન્ડનો અભિપ્રાય લેવાશે. લોકસભાની ચૂંટણીમાં ભાજપના ૨૬ સાંસદોમાંથી ત્રણ ધારાસભ્યો સાંસદ બનતાં અમરાઈવાડી, ખેરાલુ, થરાદ અને લુણાવાડાની બેઠકો ખાલી પડી હતી. મોરવા હડફ પર ૨૦૧૭માં ચૂંટાયેલા ભૂપેન્દ્ર ખાંટના અનુસુચિત જનજાતિ સર્ટિફિકેટ અયોગ્ય ઠરતાં ચૂંટણીપંચે એમની ઉમેદવારી રદ કરી હતી. જેથી આ બેઠક ખાલી પડી હતી. જ્યારે લુણાવાડાના અપક્ષ રતનસિંહ રાઠોડને ભાજપે લોકસભા ૨૦૧૯માં પંચમહાલ બેઠકની ટિકિટ આપી હતી. જેમનો વિજય થયો હતો. આથી તેમને લુણાવાડા બેઠક પરથી રાજીનામું આપ્યું હતું.

તો, બીજીબાજુ, અમરાઈવાડીના ધારાસભ્ય હસમુખ પટેલ, પાટણ માટે ખેરાલુના ધારાસભ્ય ભરતસિંહ ડાભી, બનાસકાંઠાના થરાદના ધારાસભ્ય પરબત પટેલ સાંસદ બનતા ચારેય બેઠકો ખાલી પડી હતી. લોકસભાની ચૂંટણી બાદ કોંગ્રેસમાંથી રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. આમ, હવે એકાદ સપ્તાહમાં આ સાતેય વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીની તારીખો જાહેર થવાની શકયતા હોઈ ભાજપ અને કોંગ્રેસ આ તમામ બેઠકો કબ્જે કરવાની રણનીતિ ઘડવામાં સક્રિય બન્યા છે.

# અંબાજીમાં લાખો ભક્તો ઉમટ્યા

પાલનપુર,

કરોડો માઈભક્તોની આસ્થાના પવિત્ર તીર્થસ્થાન અંબાજી ખાતે ભાદરવી મહામેળો સોળે કળાએ જામ્યો છે. અંબાજીમાં દિવસરાત લાખોની સંખ્યામાં ઉમટી રહ્યા છે. ભાદરવી પૂનમને લઈ જગપ્રસિધ્ધ અંબાજી માતાજીના દર્શન માટે લાખો ભકતોનું ઘોડાપૂર ઉમટ્યું છે, જે જોઈને જ પ્રતીતિ થઈ જાય છે કે, જગપ્રસિધ્ધ અંબાજીનો મહિમા અને ચમત્કાર અપરંપાર અને અનન્ય છે. ઉલ્લેખનીય છે કે, માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતમાં ભરાતા મોટા મેળાઓમાં સ્થાન ધરાવતા ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માંઈભક્તો દૂરદૂરથી ચાલતા આવે છે. દૂર-દૂરથી પદયાત્રા દ્વારા ચાલીને આવતા ઘણા યાત્રિકો ભક્તિભાવપૂર્વક મંદિર પર ધજા ચડાવી ધન્ય બનતા જોવા મળે છે. ચાચર ચોકમાં બોલ માડી અંબે... જય જય અંબે...ના જયઘોષ સતત ગુંજી રહ્યા છે.

અંબાજીમાં ભક્તિભર્યા ભવ્ય માહોલની જમાવટ થઈ છે. બનાસકાંઠા કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલેએ મેળામાં યાત્રિકોને સરળતાથી જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે અને આજે સ્થાનિક હોદ્દેદારો સાથે સ્વચ્છતા અભિયાન યોજયું હતું. અંબાજીમાં ચોમેર સરસ સ્વચ્છતા અને મેળામાં દોડતી મોટાભાગની નવી એસ.ટી.બસો જોઈને યાત્રિકોમાં ખુશીની લાગણી પ્રસરી છે. અંબાજીમાં ઉમટતા લાખો માઈભક્તોને પરત ઘેર જવામાં સરળતા રહે તે માટે એસ.ટી.વિભાગ દ્વારા ૧૧૦૦ જેટલી બસો દોડાવાઈ રહી છે. તો, મંદિર પરિસરમાં દર્શન માટે બે રેલીંગની સરસ સુવિધાઓ હોવાથી યાત્રિકોને લાંબો સમય લાઈનમાં ઉભા રહેવું પડતું નથી. અંબાજીના ગબ્બર મુકામે પણ યાત્રિકોની બહુ વિશાળ સંખ્યા જોવા મળી રહી છે. માતાજીના મૂળ પ્રાગટ્ય સ્થાન મનાતા ગબ્બર મુકામે નિર્માણ કરવામાં આવેલા ૫૧ શક્તિપીઠોના દર્શનનો લ્હાવો એક જ સ્થળે મળે છે. જેનાથી માઈભક્તો ધન્ય બની રહ્યા છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા રોશની અને લાઈટીંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

# આજે ગણેશ વિસર્જન

અમદાવાદ,

દસ દિવસના ગણેશ મહોત્સવ બાદ આવતીકાલે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ગણેશભક્તો દ્વારા ભારે ભકિતભાવ અને ભારે હૈયે ગણેશ વિસર્જન કરવામાં આવશે અને આવતા વર્ષે દાદાને વ્હેલા પધારવા વિનંતી કરવામાં આવશે. દસ દિવસ સુધી પોતપોતાના વિસ્તારમાં વિશાળ પંડાલ-શામિયાણા અને મંડપોમાં પૂજા-વિધી, આરતી અને ભકિત-વંદના કર્યા બાદ હવે આવતીકાલે લાખો શ્રધ્ધાળુઓ અને ગણેશભક્તો ભારે હૈયે દાદાની મૂર્તિને વિદાય આપી તેનું વિસર્જન કરશે, ત્યારે ગણપતિ બાપ્પા મૌરયા, પુઢચ્યા વરસી લૌકરિયાના નારાઓ ગુંજી ઉઠશે. અમદાવાદ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં ગણેશ વિસર્જનને લઈ તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

તો બીજીબાજુ, ટ્રાફિક નિયમન અને સરળતા માટે રૂટ ડાયવર્ટીંગ અને વાહન પ્રતિબંધ અંગેના જાહેરનામા પણ જારી કરાયા છે.

અમ્યુકો તંત્ર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં નાના-મોટા મળી ૬૦થી વધુ કૃત્રિમ જળાશયો (કુંડ) બનાવાયા છે ત્યારે તેમાં ગણેશભક્તો દ્વારા મૂર્તિનું વિસર્જન કરવાની તંત્ર દ્વારા ખાસ તાકીદ કરવામાં આવી છે. આવતીકાલે શહેર સહિત રાજયભરમાં માર્ગો પર ઠેર-ઠેર ગણેશભક્તો નાની-મોટી ટ્રકો, ટાટા-૪૦૭, જીપ-કાર સહિતના વાહનોમાં ડી.જે, મ્યુઝિકના તાલ અને અબીલ ગુલાલની છોળો વચ્ચે સરઘસ-રેલી કાઢી વિસર્જન યાત્રા કાઢશે અને બાદમાં નમ આંખો સાથે ભારે હૈય્યે આવતા વર્ષે વહેલા આવવાની દાદાને પ્રાર્થના કરી મૂર્તિઓનું વિસર્જન કરશે. ગણેશ મહોત્સવ દરમ્યાન ગણેશભક્તો પોતપોતાની શ્રધ્ધા અને આસ્થા પ્રમાણે દાદાની પૂજા-આરાધના કરી હતી અને એક, બે, પાંચ, નવ અને દસ દિવસ સુધી દાદાની સેવા-પૂજાની માનતા માની હતી.

આવતીકાલે ગણેશ મહોત્સવનો છેલ્લો દિવસ છે અને તેથી અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ભારે ધામધૂમપૂર્વક અને ઉત્સાહના માહોલ વચ્ચે દાદાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. ગણેશભક્તો દ્વારા આ માટેની ખાસ તૈયારીઓ અને આયોજન કરાયા છે.

લાખો શ્રધ્ધાળુભક્તો પોતપોતાના વિસ્તારમાંથી દાદાની આકર્ષક અને વિવિધ સ્વરૂપોની મૂર્તિઓ નાની મોટી ટ્રક સહિતના વાહનોમાં લઈ વિસર્જનના સ્થળોએ જશે અને ભકિતભાવ સાથે દાદાની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરશે. વહીવટીતંત્ર દ્વારા દાદાની મૂર્તિઓના વિસર્જનની ખાસ વ્યવસ્થા કરાઈ છે, તો પોલીસતંત્ર દ્વારા સુરક્ષા અને સલામતીનો પૂરતો બંદોબસ્ત તૈનાત કરાયો છે.

# કાશ્મીર મુદ્દાને હાથ ધરવામાં પટેલ સાચા, નહેરુ ખોટા હતા



## વડાપ્રધાને હવે ઐતિહાસિક ભુલને સુધારી સાહસનો પરિચય આપ્યો : રવિશંકર પ્રસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,

કેન્દ્રિય મંત્રી રવિશંકર પ્રસાદે આજે કહ્યું હતું કે, સ્વતંત્રતા બાદ જમ્મુ કાશ્મીરના મુદ્દાને હાથ ધરવાના મામલામાં ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ ખોટા હતા.જ્યારે દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ સાચા હતા. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની મોટા ભાગની જોગવાઈને દુર કરી દેવામાં આવી છે. પ્રસાદે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક ભુલનો સુધારીનો સાહસનો પરિચય આપ્યો છે. પત્રકારોની સાથે વાતચીતમાં પ્રસાદે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરને લઈને સરદાર પટેલ સાચા હતા, જવાહરલાલ નહેરુ ખોટા હતો. કલમ ૩૭૦ એ ઐતિહાસિક ભુલ હતી.

એ વખતે કરવામાં આવેલી ઐતિહાસિક ભુલને મોદીએ સુધારીને સાહસનો પરિચય આપ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા આજે અહીં મોદી સરકારની બીજી અવધીના ૧૦૦ દિવસની સિદ્ધિઓની માહિતી આપવા પહોંચ્યા હતા. પ્રસાદે કહ્યું હતું કે, કલમ ૩૭૦ની મોટાભાગની જોગવાઈઓને દુર કરી દેવામાં આવી છે. આ નિર્ણય ઐતિહાસિક, સાહસિક, દુરગામી અને જમ્મુ કાશ્મીરની સાથે જ ભારતના વ્યાપક હિતમાં છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે તેમની યોજના અને નિર્ણયને અમલી કરવામાં ઉલ્લેખનીય ભૂમિકા ભજવી છે.

પ્રસાદે કહ્યું હતું કે, ગયા મહિનામાં બંધારણની આ વિવાદાસ્પદ જોગવાઈને દુર કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં એક પણ ગોળી ચાલી નથી. જમ્મુ કાશ્મીરના ૧૪ પોલીસ સ્ટેશનને બાદ કરતા તમામ ક્ષેત્રોમાંથી સંચારબંધી કરી દેવામાં આવી છે. કાનુન મંત્રીએ કહ્યું હતું કે, અમેરિકા, બ્રિટન, રસિયા, ફ્રાંસ જેવા દેશો જમ્મુ કાશ્મીરના ખાસ દરજ્જાને ખતમ કરવાના લઈને ભારતની પ્રશંસા કરી છે. ચીને પણ કોઈ રીતે ભારતનો વિરોધ કર્યો નથી. કોંગ્રેસ દુવિધાભરી સ્થિતિમાં છે.

# માલપુરમાં કોઝવેના પૂરના પાણીમાં ત્રણ યુવકો તણાયા

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,

અરવલ્લી જિલ્લાના માલપુરના કોઝ વેના પૂરના ધસમસતા પાણીમાં બાઈક સવાર ત્રણ યુવકો અચાનક તણાયા હતા. જો કે, સ્થાનિક લોકોએ ભારે સમયસૂચકતા દાખવી પાણીમાં તણાતા યુવકોને ભારે જહેમત બાદ બચાવી લીધા હતા. જેને લઈ સૌકોઈના જીવમાં જીવ આવ્યો હતો. આ ઘટના અંગેનો વીડિયો વાઈરલ થતા કોઝવેના કિનારે ઉભેલા લોકો ગાડી ઉડી ગઈ તણાઈ પકડોની બૂમો મારતા સ્પષ્ટ સંભળાઈ રહ્યું છે, જો કે, યુવકોને બચાવી લેતાં સ્થાનિક લોકોની ભારે પ્રશંસા થતી પણ જોવા મળી હતી. અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા જળાશયો અને નદી-નાળા બે કાંઠે વહી રહ્યા છે અને છલકાયા છે. ખાસ કરીને માલપુર પંથકમાં ચાર ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતા કોઝવે પર પાણી ફરી વળતા અનેક ગામોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. ગોરીયા ગામ નજીક આવેલા કોઝવે પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર થંભ્યો હતો. રાજયમાં મેઘરાજાએ જાણે અપાર હેત વરસાવ્યું છે. ચાલુ વર્ષે અનેક વાહનચાલકો અને લોકો ધસમસતા પાણીના પ્રવાહમાં તણાયા હોવાની ઘટનાઓ સામે આવી છે. કેટલાક વાહન ચાલકો જીવન જોખમે અને અન્ય લોકોની જિંદગી જોખમાય તે રીતે કોઝવે પર અને ડીપ પરથી પસાર થતા પાણીમાં વાહન નાખી રોડ પસાર કરવાનું જોખમ લેતા હોય છે. માલપુર પંથકમાં ભારે વરસાદને લઈને ગોરીયા ગામ નજીક આવેલા કોઝવે પર પાણી ફરી વળતા સ્થાનિક લોકો અને વાહનચાલકો ઉભા રહી ગયા હતા. જો કે, ત્રણ લબરમૂછિયા યુવકો બાઈક પર કોઝવે પરથી પસાર થતા ધસમસતા પાણીના પ્રવાહમાંથી પસાર થવાનો પ્રયત્ન કરતા પાણીના વહેણમાં બાઈક સાથે ત્રણે યુવકો તણાતાં સૌકોઈના જીવ ઉંચા થઈ ગયા હતા પરંતુ તુરત જ સ્થાનિક લોકોએ ત્રણે યુવકોને બાઈક સાથે બચાવી લેતા સદનસીબે જાનહાની ટળી હતી.

શ્રમ અને રોજગાર મંત્રાલય
ભારત સરકાર



જેની મહેનત દેશનો આધાર,
તેમનું પેન્શનનું સ્વપ્ન સાકાર ।

વેપારીઓ અને સ્વરોજગારો માટે
રાષ્ટ્રિય પેન્શન યોજના

દેશના લગભગ 3 કરોડ વ્યવસાયિકો અને સ્વરોજગારીઓની આવતીકાલ સુરક્ષિત - મોદી સરકારનો સંકલ્પ

મુખ્ય વિશેષતાઓ
- ૬૦ વર્ષની વય પછી દર મહિને રૂા.3000/નું નિશ્ચિત પેન્શન
- સ્વૈચ્છીક અને ફાળો આપનાર પેન્શન
- ભારત સરકાર પણ સમાનરૂપે ફાળો આપશે
- રૂા.૫૫-૨૦૦ માસિક યોગદાન
- પેન્શનની ચુકવણી LIC દ્વારા

લાયકાત
- ૧૮-૪૦ વર્ષની વયના વેપારીઓ માટે
- વાર્ષિક ટર્નઓવર રૂા.૧.૫ કરોડથી ઓછું
- EPFO, ESIC, NPS (સરકાર-પોષિત PM-SAYMનો સભ્યો અથવા ટેક્સ ભરનાર દાતા ના હોય

નોંધણીની પ્રક્રિયા

1. તમારૂ આધારકાર્ડ અને બચત જન-ધન ખાતાની પાસબુક લઇ નજીકના કોમનસર્વિસ સેન્ટર (CSC) પર જાઓ
2. સેન્ટર ઉપર તમારી ઉંમરના આધારે માસિક યોગદાનની ગણતરી કરવામાં આવશે. (રૂા.૫૫ - રૂા.૨૦૦)
3. તમારૂ પહેલુ માસિક યોગદન રોકડમાં CSCને આપો
4. નોંધણી અને ઓટો-ડેબિટ મેન્ડેટ પર સહી કરો
5. તાત્કાલિક વેપારી પેન્શન કાર્ડ આપવામાં આવશે. આવતા મહિનાથી ફાળો આપમેળે બેંક/ જનધન ખાતામાંથી કપાશે

નોંધણીની સમગ્ર પ્રક્રિયામાં ફક્ત 3 થી ૫ મિનિટનો સમય લાગે છે



વધારે જાણકારી માટે ટોલ ફ્રી ૧૮૦૦૨૬૭૬૮૮૮ પર સંપર્ક કરો

વેપારી ભાઇ-બહેનો ઉપરોક્ત યોજનાનો લાભ લેવા માટે
નજીકના કોમન સર્વિસ સેન્ટરમાં નોંધણી કરાવે

નજીકના કોમન સર્વિસ સેન્ટરની જાણકારી મેળવવા www.locator.csccloud.in વિઝીટ કરો । જાતે નામાંકન માટે વિઝિટ કરો https://naamdhan.in/vyapari

davp 23101/13/0026/1920